# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

**************************************************

1) આતંકવાદ સામે ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કરવા સાત સભ્યોનું સર્વપક્ષીય પ્રતિ- નિધિમંડળ વિશ્વના કેટલાક દેશોની મુલાકાત લેશે.

2) બાંગ્લાદેશથી ભારતીય બંદરો પર આવતી કેટલીક વસ્તુઓની આયાત પર તાત્કાલિક અસરથી ભારતે નવા નિયંત્રણો લાદયા.

3) કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં સહકાર સંમેલનનું ઉદઘાટન કરશે- અમદાવાદ,મહેસાણામાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે.

4) રશિયા, યુક્રેન અને નાટો નેતાઓ સાથે યુદ્ધ સમાપ્ત કરવા અંગે શ્રી ટ્રમ્પ ટેલિફોન પર ચર્ચા કરશે.

5) IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ તથા રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RIJIJU-ALL-PARTY-DELEGATIONS

આતંકવાદ સામેના ઓપરેશન સિંદૂર વિશે વિગતવાર માહિતી આપવા માટે સાત સભ્યોનું સર્વપક્ષીય પ્રતિ-નિધિમંડળ વિશ્વના કેટલાક દેશોની મુલાકાત લેશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગઈકાલે સોશિયલ મીડિયા સંદેશમાં પ્રતિનિધિમંડળમાં સમાવિષ્ટ સાંસદો વિશે માહિતી આપી હતી.

ભારતીય જનતા પાર્ટીના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત અને અલ્જેરિયાની મુલાકાત લેશે. આ પ્રતિનિધિમંડળમાં બીજેપી સાંસદ નિશિકાંત દુબે અને AIMIM સાંસદ અસદુદ્દીન ઓવૈસી સામેલ છે. ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ બ્રિટન, ફ્રાન્સ, જર્મની, યુરોપિયન યુનિયન, ઇટાલી અને ડેનમાર્કની મુલાકાત લેશે.

જનતા દળ - યુનાઈટેડના સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વ હેઠળનું ત્રીજું જૂથ ઇન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોરની મુલાકાત લેશે. આ પ્રતિનિધિમંડળમાં તૃણમૂલ કોંગ્રેસના યુસુફ પઠાણ અને માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીના જોન બ્રિટાસનો સમાવેશ થાય છે.

શિવસેના સાંસદ શ્રીકાંત એકનાથ શિંદેના નેતૃત્વમાં ચોથું જૂથ સંયુક્ત આરબ અમીરાત, લાઇબેરિયા, કોંગો અને સિએરા લિયોનની મુલાકાત લેશે. કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ અમેરિકા, પનામા, ગુયાના, બ્રાઝિલ અને કોલંબિયાની મુલાકાત લેશે. ડીએમકે સાંસદ કનિમોઝી કરુણાનિધિના નેતૃત્વમાં છઠ્ઠું પ્રતિનિધિમંડળ સ્પેન, ગ્રીસ, સ્લોવેનિયા, લાતવિયા અને રશિયા અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વ હેઠળનું જૂથ ઇજિપ્ત, કતાર, ઇથોપિયા અને દક્ષિણ આફ્રિકાની મુલાકાત લેશે.

# BANGLADESH-IMPORT

વિદેશ વેપાર મહા-નિર્દેશાલયએ બાંગ્લાદેશથી ભારતીય બંદરો પર આવતી કેટલીક વસ્તુઓની આયાત પર તાત્કાલિક અસરથી નવા નિયંત્રણો લાદયા છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પ્રતિબંધો ભારતથી નેપાળ અને ભૂટાન જતા માલ પર લાગુ થશે નહીં. બાંગ્લાદેશથી કોઈપણ પ્રકારના રેડીમેડ કપડા જમીન બંદર દ્વારા આયાત કરી શકાશે નહિ. જોકે, આ માલ ન્હાવા શેવા અને કોલકાતાના દરિયાઈ બંદરો દ્વારા આયાત કરી શકાશે.
આ ઉપરાંત, ફળો, પીણાં, પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો, કપાસ અને સુતરાઉ યાર્નનો કચરો, પ્લાસ્ટિક અને પીવીસીથી બનેલા સામાન અને લાકડામાંથી બનેલા ફર્નિચરની આયાત પર પ્રતિબંધ રહેશે. બાંગ્લાદેશથી માછલી, એલપીજી, ખાદ્ય તેલ અને પથ્થરોની આયાત પર નવા નિયંત્રણો લાગુ પડશે નહીં.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના ગુજરાતના પ્રવાસે છે. અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકા અને મહેસાણાના એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહ આજે સવારે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત મહાસમ્મેલન પણ સંબોધિત કરશે.

વધુ વિગત અમારા સંવાદદાતા પાસેથી.......

<u>(V/C-APARNA KHUNT)</u>

# AMIT SHAH OPERATION SINDOOR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશન સિંદૂરને ભારતની સુરક્ષા નીતિમાં એક મહત્વપૂર્ણ વળાંક ગણાવ્યો છે. ગુજરાતના ગાંધીનગરમાં એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર ભારતની રાષ્ટ્રીય સુરક્ષા પ્રતિભાવમાં એક ઐતિહાસિક પરિવર્તન હતું. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ, ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના પ્રદેશમાં પ્રવેશ કર્યો અને આતંકવાદી માળખાનો નાશ કર્યો.

(BYTE -અમિત શાહ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# ISRO

ઇસરોએ આજે સવારે પાંચ વાગ્યેને 59 મિનિટે PSLV-C61 રોકેટ દ્વારા પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ EOS-09નું પ્રક્ષેપણ કર્યું. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી પ્રક્ષેપિત કરાયેલા આ ઉપગ્રહના ત્રીજા તબક્કામાં ટેકનિકલ ખામી સર્જાઈ છે. ઈસરોના ચેરમેન ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે ટેકનિકલ સમસ્યાના કારણોનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

# AGRICULTURE-MINISTER-NAGPUR.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે મહારાષ્ટ્રના નાગપુરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરશે. શ્રી ચૌહાણ ભારતીય કૃષિ સંશોધન પરિષદ, રાજ્ય કૃષિ વિભાગ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ સાથે બેઠક યોજી કૃષિ અને ગ્રામીણ વિકાસ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરશે

તેઓ ખેડૂતો સાથે વાતચીત પણ કરશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે. શ્રી ચૌહાણ નાગપુરમાં નેશનલ સોઇલ સ્પેક્ટ્રલ લાઇબ્રેરીનું પણ ઉદ્ઘાટન કરશે. તેઓ કપાસના પાકને અસર કરતી મુખ્ય જીવાત, ગુલાબી ઈયળ માટે AI-આધારિત સ્માર્ટ ટ્રેપ પણ લોન્ચ કરશે.

# ASI - MUSEUM DAY

આજે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ છે. આ પ્રસંગે, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના સરક્ષણ હેઠળના તમામ સ્મારકો અને સંગ્રહાલયોમાં આજે નિશુલ્ક પ્રવેશ અપાશે. આ સંગ્રહાલયો અને સ્મારકો દેશના વારસાને સાચવે છે.

સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને શિક્ષણ તથા સંવાદને પ્રોત્સાહન આપવામાં સંગ્રહાલયોની ભૂમિકા તરફ ધ્યાન દોરવા માટે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઉજવવામાં આવે છે.

# TRUMP-PUTIN UKRAINE TALKS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે રશિયાના પ્રમુખ પુતિન, યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકી અને નાટો નેતાઓ સાથે યુદ્ધ સમાપ્ત કરવા અંગે ચર્ચા કરવા માટે ફોન પર વાત કરવાની જાહેરાત કરી છે .

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું કે, પુતિન સાથેની વાતચીત યુક્રેનમાં યુદ્ધ અટકાવવા પર કેન્દ્રિત હશે. રશિયન પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે ફોન પર વાત માટેની તૈયારીઓની પુષ્ટિ કરી.

રશિયા અને યુક્રેન વચ્ચે સીધી વાતચીત નિષ્ફળ ગયાના એક દિવસ પછી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની આ ટિપ્પણી આવી છે. પશ્ચિમ એશિયાના તેમના પ્રવાસના અંતે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું કે, જ્યાં સુધી તેઓ અને રાષ્ટ્રપ્રમુખ પુતિન સીધી વાત નહીં કરે ત્યાં સુધી વર્તમાન રાજદ્વારી પ્રયાસો સફળ થઈ શકશે નહીં.

# IPL-MATCH-WASHOUT

IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ તથા રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે

રાજસ્થાન રોયલ્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે બપોરે 3:30 વાગ્યે સવાઈ માનસિંહ સ્ટેડિયમ, જયપુર ખાતે થશે, જ્યારે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે સાંજે 7:30 વાગ્યે અરુણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી ખાતે થશે.

દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને કારણે સ્થગિત થયા બાદ ગઇકાલથી ફરી શરૂ થયેલી IPL સ્પર્ધામાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચ ભારે વરસાદને કારણે ધોવાઈ ગઈ હોવાથી કોલકાતા નાઈટ રાઈડર્સ, IPL માંથી બહાર થયું છે.

વરસાદને કારણે, RCB 17 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે ગુજરાત ટાઇટન્સના 16 પોઈન્ટ અને પંજાબ કિંગ્સના 15 પોઈન્ટ છે

ઉલ્લેખનીય છે કે, એક અઠવાડિયાના વિરામ બાદ BCCIએ ટુર્નામેન્ટના બાકીના સમયપત્રક માટે એક નવું શેડ્યૂલ બહાર પાડ્યું છે, જેમાં મોહાલી અને ધર્મશાલામાં કોઈ મેચ રમાશે નહીં. ફાઇનલ મેચ જે 25 મેના રોજ રમાવાની હતી તે હવે ત્રણ જૂનના રોજ રમાશે. પ્લેઓફ માટેના સ્થળોની જાહેરાત પછીથી કરવામાં આવશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

હવે સાંભળિયે  આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર

1) આજે મોટાભાગના અખાબારોએ પાકિસ્તાનના પ્રધાનમંત્રી દ્વારા તેમના એરબેઝને ભારતે નષ્ટ કર્યા હોવાની કબૂલાત અને સર્વપક્ષિય સાત પ્રતિનિધિમંડળ વિશ્વના અનેક દેશોમાં જઇને પાકિસ્તાનના આતંકવાદનો પર્દાફાશ કરતે તે  મુખ્ય સમાચાર બનાવ્યાં છે

2) સંદેશે લખ્યું છે કે ભારતે કરેલા હુમલામાં નૂરખાન એરબેઝ સહિત અનેક સ્થળો તબાહઃશહેબાઝની કબૂલાત

3) થરૂર ઓવૈસી દુનિયા સામે ખોલશે પાકિસ્તાનની પોલ આ હેડલાઇન ફૂલછાબ દૈનિકે બનાવી છે

4) નવ ગુજરાત સમયે હેડલાઇન બનાવી છે કે વિદ્યાર્થીઓમાં ખાંડના પ્રમાણની દેખરેખ માટે સીબીએસઇ શાળાઓમાં સુગર બોર્ડ મૂકાશે

5) જ્યારે અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પાકિસ્તાનને બે નકાબ કરવા વિશ્વના અનેક દેશોમાં જનારા ભારતના સર્વપક્ષિય પ્રતિનિધિ મંડળના સમાચાર હેડલાઇનમાં બનાવ્યાં છે.

6) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી , અમિત શાહનો ગુજરાત પ્રવાસ જેવા સમાચાર વાંચવા મળી રહ્યાં છે

7) જ્યારે સ્પોર્ટ પેજ ઉપર આઇપીએલની ફરી શરી થયેલી મેચોમાં વરસાદનું વિધ્ન અને કોલકત્તા પ્લેફઓની રેસમાંથઈ બહાર અને ગુજરાત ટાઇટન્સની મેચના સમાચાર પણ છપાયાં છે.